| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૨૬/૧૨/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખઃ | ૨૬/૧૨/૨૦૨૩ | | |
| ફેસલ તારીખઃ | ૦૯/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૫ | ૧૪ |

**મહેરબાન ઓલપાડના પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.૪૨૨૩/૨૦૨૩.**

**આંકઃ**

ફરીયાદી : સ ર કા ર શ્રી

**વિરૂધ્ધ**

આરોપી : (૧) પલની સ્વામી ઉર્ફે અન્નો S/o.મહાધીશ કઉન્દર
હાલ રહે. બિ.નં.એફ.એલ. ફલેટ નંબર-૨૦૪,
સુમનકુંજ એપાર્ટમેન્ટ, EWS આવાસ,
કર્ણાવતી સોસાયટીની બાજુમાં, ડભોલી, સુરત
મુળ રહે. ગામ આણપલેવ (આલનોરગેટ),
રાશીપુરમ પાસે, તા.જી.શેલમ (તામીલનાડુ).

(૨) પરમ શિવમ ઉર્ફે તમ્બી S/o.કુલંથાઈવેલ દેવેન્દ્ર
હાલ રહે. મકાન નંબર-૧૨૯/૧૨, જીવદાની
ચાલ, સંતોષી માતાના મંદિર પાસે, વલઈપાડા
ઝુપડપટ્ટી, નાલાસોપારા ઈસ્ટ,
જી.પાલગર (મહારાષ્ટ્ર).
મુળ રહે. ત્રિચંગોડ MGR નગર, તા.જી.શેલમ
(તામીલનાડુ).

| | | |
|---|---|---|
| ફરીયાદી તરફે | : | એ.પી.પી.સુજ્ઞશ્રી આર.આર.ચુઘ |
| આરોપીઓ તરફે | : | વિ.વ.શ્રી એચ.જે.નિહાલાની. |

## ગુનોઃ– ઇ.પી.કો.કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

## FORM-B

| | |
|---|---|
| Date of Offence | Dt.06.09.2019 at 06.30 |
| Date of FIR | 07.09.2019 |
| Date of Charge Sheet | 26.12.2023 |
| Date of Framing of Charge | 11.03.2024 |
| Date of Commencement of Evidence | 22.03.2024 |
| Date of which Judgment is reserved | 25.05.2026 |
| Date of Judgment | 09.06.2026 |
| Date of the Sentencing order, if any | Nil. |

## Accused Details

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release on bail | Offence Charged with | Whether Acquitted or Convicted | Sentence imposed | Period of detention undergone during trial for purpose of Section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1. | પલની સ્વામી ઉર્ફે અન્નો S/o. મહાધીશ કઉન્દર | 02/08/2023 | 17/10/2023 | IPC-457, 380, 114 | Acquitted | | |
| 2. | પરમ શિવમ ઉર્ફે તમ્બી S/o. કુલંથાઇવેલ દેવેન્દ્ર | 02/08/2023 | 17/10/2023 | IPC-457, 380, 114 | Acquitted | | |

## – : ચુકાદો :–

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, સદર કામના આરોપીઓએ તા.૦૬/૦૯/૨૦૧૯ ના રોજ ક. ૦૬/૩૦ વાગ્યા પહેલા હરકોઈ વખતે મોજે સેગવાછામા ગામે આવેલ સર્વોદય વિદ્યાલયના વહીવટી રૂમનો નકુસો કોઈ સાધન વડે તોડી અંદર પ્રવેશ કરી અલગ અલગ

વિભાગના નાણા જેમા કોમ્પ્યુટર વિભાગના રૂ.૧૪,૮૯૦/- તથા બાલમંદિર વિભાગના રૂ.૨૭,૦૦૦/- તથા પ્રાથમિક વિભાગના રૂ.૨૨,૫૦૦/- તથા ટ્રસ્ટના ખાતામાંથી રૂ.૫,૩૦૯/- તથા વિદ્યાર્થીઓના અલગ અલગ ફંડના રૂ.૬૮,૫૫૧/- મળી કુલ્લે રૂ.૧,૧૪,૦૦૦/- ની ચોરી કરી લઈ નાસી જઈ ઇ.પી.કો.કલમ-૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનુ ગુનાહિત કૃત્ય કરેલ હોય, ગુનો કર્યાની ફરીયાદ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને તેની તપાસ તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવેલી, જેથી ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આ કામે આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા સી.આર.પી.સી. કલમ-૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપીઓ સામેના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સી.આર.પી.સી.કલમ-૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતાં અને આ કામના આરોપીઓ હાજર થતાં, તેઓને સી.આર.પી.સી. કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક-૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક-૦૪ અને આંક-૦૫ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ.

**(૩)** ફરીયાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવોઃ-**

| અ.નં. | આંક | ફરીયાદી/સાહેદોની વિગત |
|---|---|---|
| (૧) | ૦૬ | પંચ સાહેદ નયનકુમાર મોહનભાઈ પટેલની જુબાની. |
| (૨) | ૦૮ | પંચ સાહેદ ધવલકુમાર મણીલાલ પટેલની જુબાની. |

| | | |
|---|---|---|
| (૩) | ૧૧ | સાહેદ મનિષભાઈ ચંપકભાઈ પટેલની જુબાની. |
| (૪) | ૧૨ | સાહેદ નિતિનભાઈ ગોપાળભાઈ ભાટીયાની જુબાની. |
| (૫) | ૧૩ | સાહેદ છગનભાઈ કરસનભાઈ પટેલની જુબાની. |
| (૬) | ૧૪ | સાહેદ હસમુખભાઈ હીરાભાઈ પટેલની જુબાની. |
| (૭) | ૧૫ | ફરીયાદી મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલની જુબાની. |
| (૮) | ૨૦ | સાહેદ મનિષાબેન નિતિનભાઈ પટેલની જુબાની. |
| (૯) | ૨૯ | સાહેદ ભગુસિંહભાઈ ચંપકલાલ વસાવાની જુબાની. |

**દસ્તાવેજી પુરાવોઃ-**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| (૨) | ૧૬ | એફ.આઇ.આર. |

**(૪)** આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા, આરોપીઓ સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે તેઓનું સી.આર.પી.સી. કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ ફરીયાદી પક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓએ કોઈ ગુનો કરેલ નથી.

**(૫)** બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લીધી અન કેસનું રેકર્ડ ધ્યાને લીધુ.

**(૬)** રજુ કરેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે એવું સાબીત કરે છે કે, સદર કામના આરોપીઓએ તા.૦૬/૦૯/૨૦૧૯ ના રોજ ક. ૦૬/૩૦ વાગ્યા પહેલા હરકોઈ વખતે મોજે સેગવાછામા ગામે આવેલ સર્વોદય વિદ્યાલયના વહીવટી રૂમનો નકુસો કોઈ સાધન વડે તોડી અંદર પ્રવેશ કરી અલગ અલગ વિભાગના

નાણા જેમા કોમ્પ્યુટર વિભાગના રૂા.૧૪,૮૯૦/- તથા બાલમંદિર વિભાગના રૂા.૨૭,૦૦૦/- તથા પ્રાથમિક વિભાગના રૂા.૨૨,૫૦૦/- તથા ટ્રસ્ટના ખાતામાંથી રૂા.૫,૩૦૯/- તથા વિદ્યાર્થીઓના અલગ અલગ ફંડના રૂા.૬૮,૫૫૧/- મળી કુલ્લે રૂા.૧,૧૪,૦૦૦/- ની ચોરી કરી લઈ નાસી જઈ ઇ.પી.કો.કલમ-૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

// **<u>કા ર ણો</u>** //

**<u>મુદ્દા નં.૧ઃ-</u>**

**(૭.૧)** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્ર મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

**(૭.૨)** ફરિયાદ પક્ષે, પંચ સાહેદ નયનકુમાર મોહનભાઈ પટેલને આંક-૦૬ થી તપાસવામા આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે ત્રણ ચાર વર્ષ પહેલા તેઓને પોલીસે પંચનામું કરવા માટે સર્વોદય વિધ્યાલય સેગવાછામા બોલાવેલ અને ત્યાં પોલીસે આચાર્યની ઓફીસમાં પંચનામું કરેલુ. તેઓને પંચનામાની નકલ બતાવવામાં આવે છે જેમા પંચ ૧ તરીકે થયેલ સહી તેઓની છે જે તેઓ ઓળખે છે જે આંક-૭ થી રજુ છે.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે લખેલ તૈયાર પંચનામામા તેઓની સહી લીધેલી. આ પંચનામામાં ચોરી થયેલી હતી અને તાળા તુટેલા હતા અને ડ્રોવર ટુટેલા હતા તેવુ લખેલુ છે.

**(૭.૩)** ફરીયાદ પક્ષે આંક–૦૮ થી પંચ સાહેદ ધવલકુમાર મણીલાલ પટેલને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે ત્રણ ચાર વર્ષ પહેલા તેઓને પોલીસે પંચનામું કરવા માટે સર્વોદય વિધ્યાલય સેગવાછામા બોલાવેલ અને ત્યાં પોલીસે આચાર્યની ઓફીસમાં પંચનામું કરેલુ. તેઓને આંક–૭ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નં.૨ તરીકે થયેલ સહી તેઓની છે જે તેઓ ઓળખે છે.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકત જણાવેલ છે કે, પંચનામું કરવા કઈ તારીખે બોલાવેલ તે તારીખ તેઓને યાદ નથી. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, પોલીસે લખેલા તૈયાર પંચનામામા તેઓની સહી લીધેલી.

**(૭.૪)** ફરીયાદ પક્ષે આંક–૧૧ થી સાહેદ મનિષભાઈ ચંપકભાઈ પટેલને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૧૯ માં બનેલો તે સમયે તેઓ સર્વોદય સ્કુલમાં કલાર્ક તરીકે નોકરી કરતા હતા. બનાવની જાણ તેઓને પટ્ટાવાળાબેન ભાનુબેને મોબાઈલ દ્વારા કરેલી અને જણાવેલ કે આચાર્યની ઓફિસના દરવાજાના નકુચા તુટેલ છે અને બપોરે સ્કુલના આચાર્ય અને સંચાલકો આવી ગયેલા અને અંદર જઈને જોયુ તો વહીવટી શાખાના ટેબલના તથા કબાટના તમામ ખાના ખુલ્લા છે અને આખી ઓફિસમાં કાગળો વેરવિખેર હાલતમાં પડેલ હતા અને તિજોરી પણ ટુટેલ હાલતમાં હતી અને કલાસરૂમમાંથી ટેબલના ખાનામાંથી વિધાર્થીઓના ફંડના રૂપિયા ૧,૧૪,૦૦૦/– ની ચોરી થયેલી હતી. આ ચોરી કોણે કરેલ હતી તેની

તેઓને ખબર નથી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી. બનાવ અંગે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

સદર કામના આરોપીઓના વકીલ કોર્ટમા હાજર રહેલ ન હોય સદરહુ સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવાનો હકક નામદાર કોર્ટ તરફથી બંધ કરવામાં આવેલ છે.

**(૭.૫)** ફરીયાદ પક્ષે આંક–૧૨ થી સાહેદ નિતિનભાઈ ગોપાળભાઈ ભાટીયાને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૧૯ માં બનેલો તે સમયે તેઓ સર્વોદય સ્કુલમાં સ્કુલની લાઈટો શરૂ બંધ કરવાનું અને સ્કુલની દેખરેખ રાખવાનું કામ કરતા હતા અને તેઓની પત્ની સ્કુલમાં સાફસફાઈનું કામ કરતી હતી. બનાવના દિવસે તેઓની પત્ની સ્કુલમાં સાફસફાઈ કરવા માટે ગયેલ અને તરત જ રૂમે પરત આવી તેઓને જણાવેલ કે આચાર્યની ઓફિસના દરવાજાના નકુચા ટુટેલ છે પરંતુ તેઓને નોકરી જવાનુ હોય જેથી તેઓ નોકરી ઉપર ચાલી ગયેલ અને બપોરે સ્કુલના આચાર્ય અને સંચાલકો આવી ગયેલા અને અંદર જઈને જોયુ તો વહીવટી શાખાના ટેબલના તથા કબાટના તમામ ખાના ખુલ્લા છે અને આખી ઓફિસમાં કાગળો વેરવિખેર હાલતમાં પડેલ હતા અને તિજોરી પણ ટુટેલ હાલતમાં હતી અને કલાસરૂમમાંથી ટેબલના ખાનામાંથી વિધાર્થીઓના ફંડના રૂપિયા ૧,૧૪,૦૦૦/– ની ચોરી થયેલી હતી. આ ચોરી કોણે કરેલ હતી તેની તેઓને ખબર નથી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી. બનાવ અંગે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

સદર કામના આરોપીઓના વકીલ કોર્ટમા હાજર રહેલ ન હોય સદરહુ સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવાનો હકક નામદાર કોર્ટ તરફથી બંધ કરવામાં આવેલ છે.

**(૭.૬)** ફરીયાદ પક્ષે આંક–૧૩ થી સાહેદ છગનભાઈ કરસનભાઈ પટેલને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૧૯ માં બનેલો તે સમયે તેઓ સર્વોદય

સ્કુલમાં પ્રમુખ તરીકે નોકરી કરતા હતા. બનાવની જાણ તેઓને સ્કુલના આચાર્ય મુકેશભાઈ એ મોબાઈલ દ્વારા કરેલી અને જણાવેલ કે આચાર્યની ઓફિસના દરવાજાના નકુચા તુટેલ છે અને બપોરે સ્કુલના આચાર્ય અને સંચાલકો આવી ગયેલા અને અંદર જઈને જોયુ તો વહીવટી શાખાના ટેબલના તથા કબાટના તમામ ખાના ખુલ્લા છે અને આખી ઓફિસમાં કાગળો વેરવિખેર હાલતમાં પડેલ હતા અને તિજોરી પણ તુટેલ હાલતમાં હતી અને કલાસરૂમમાંથી ટેબલના ખાનામાંથી વિધાર્થીઓના ફંડના રૂપિયા ૧,૧૪,૦૦૦/– ની ચોરી થયેલી હતી. આ ચોરી કોણે કરેલ હતી તેની તેઓને ખબર નથી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી. બનાવ અંગે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ સ્કુલ પર હાજર હતા નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓના નામ કે ઓળખાણ બાબતે તેઓને કઈ જાણ નથી.

**(૭.૭)** ફરીયાદ પક્ષે આંક–૧૪ થી સાહેદ હસમુખભાઈ હીરાભાઈ પટેલને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૧૯ માં બનેલો તે સમયે તેઓ સર્વોદય સ્કુલમાં મંત્રી તરીકે નોકરી કરતા હતા. બનાવની જાણ તેઓને સ્કુલના આચાર્ય મુકેશભાઈ એ મોબાઈલ દ્વારા કરેલી અને જણાવેલ કે આચાર્યની ઓફિસના દરવાજાના નકુચા તુટેલ છે અને બપોરે સ્કુલના આચાર્ય અને સંચાલકો આવી ગયેલા અને અંદર જઈને જોયુ તો વહીવટી શાખાના ટેબલના તથા કબાટના તમામ ખાના ખુલ્લા છે અને આખી ઓફિસમાં કાગળો વેરવીખેર હાલતમાં પડેલ હતા અને તિજોરી પણ તુટેલ હાલતમાં હતી અને કલાસરૂમમાંથી ટેબલના ખાનામાંથી વિધાર્થીઓના ફંડના રૂપિયા ૧,૧૪,૦૦૦/– ની ચોરી થયેલી હતી. આ ચોરી કોણે કરેલ હતી તેની તેઓને ખબર નથી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી. બનાવ અંગે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ સ્કુલ પર હાજર હતા નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓના નામ કે ઓળખાણ બાબતે તેઓને કઈ જાણ નથી.

(૭.૮) ફરીયાદ પક્ષે આંક–૧૫ થી ફરીયાદી મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૦૫–૦૯–૨૦૧૯ ના રોજ બનેલો. બનાવ રાત્રીના ૦૧/૦૦ વાગ્યાના સમયે બનેલો જે ફરીયાદીને તેઓની સ્કુલના સીસીટીવી કેમેરા ચેક કરતા ખબર પડેલ. બનાવ સમયે તેઓ સર્વોદય સ્કુલમાં આચાર્ય તરીકે હતા. બનાવની જાણ તેઓને તેઓની સ્કુલના પટ્ટાવાળા તરીકે નોકરી કરતા બેને જાણ કરેલી. જેથી સવારના ૦૮/૦૦ વાગ્યે સ્કુલ પર આવી ગયેલ અને જોયુ તો આચાર્યની ઓફિસના દરવાજાના નકુચા ટુટેલ છે અને બપોરે તેઓ અને બીજા સંચાલકો આવી ગયેલા અને અંદર જઈને જોયુ તો વહીવટી શાખાના ટેબલના તથા કબાટના તમામ ખાના ખુલ્લા છે અને આખી ઓફિસમાં કાગળો વેરવિખેર હાલતમાં પડેલ હતા અને તિજોરી પણ ટુટેલ હાલતમાં હતી અને કલાસરૂમમાંથી ટેબલના ખાનામાંથી વિધાર્થીઓના ફંડના રૂપિયા ૧,૧૪,૦૦૦/– ની ચોરી થયેલી હતી. આ ચોરી ચાર ઈસમો કે જેઓએ મોઢુ બાંધેલ હતુ અને હાથમાં ગ્લવ પહેરેલ હતા અને કપડામાં ટુંકા લેંઘા અને ગંજી પહેરેલ હતુ તેઓએ ચોરી કરેલ જે તેઓએ સ્કુલના સીસીટીવી કેમેરામાં ચેક કરેલ છે. આરોપીને જોયેથી ઓળખી શકે નહી કારણ કે તેઓએ મોઢુ બાંધેલ હતું અને બનાવને છ વર્ષ થઈ ગયેલા છે. બનાવ અંગેની તેઓએ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેઓને એફ.આઇ.આર. બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી રહેલી છે જે આંક–૧૬ થી રજુ છે.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ સ્કુલ પર હાજર હતા નહી.

તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને બનાવની જાણ તેઓની સ્કુલના પટાવાળા કમ વોચમેન તરીકે કામ કરતા હિનાબેને કરેલી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓના નામ કે ઓળખાણ બાબતે તેઓને કોઈ જાણ નથી.

**(૭.૯)** ફરીયાદ પક્ષે આંક–૨૦ થી સાહેદ મનિષાબેન નિતિનભાઈ ભાટીયાને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૧૯ માં બનેલો તે સમયે તેઓ સર્વોદય સ્કુલમાં સેવિકા તરીકે અને સાફસફાઈનું કામ કરતા હતા. બનાવના દિવસે તેઓ સ્કુલમાં સાફસફાઈ કરવા માટે ગયેલ ત્યારે જોયું તો આચાર્યની ઓફિસના દરવાજાના નકુચા ટુટેલ હતા તેથી તેણે તરત તેઓના પતિ પાસે ગયેલ અને તેમને જાણ કરેલ જેથી તેઓના પતિ એ સ્કુલના સંચાલકને ફોન કરેલ અને બપોરે સ્કુલના આચાર્ય અને સંચાલકો આવી ગયેલા અને અંદર જઈને જોયુ તો વહીવટી શાખાના ટેબલના તથા કબાટના તમામ ખાના ખુલ્લા છે અને આખી ઓફિસમાં કાગળો વેરવિખેર હાલતમાં પડેલ હતા અને તિજોરી પણ ટુટેલ હાલતમાં હતી અને કલાસરૂમમાંથી ટેબલના ખાનામાંથી વિધાર્થીઓના ફંડના રૂપિયા ૧,૧૪,૦૦૦/– ની ચોરી થયેલી હતી. આ ચોરી કોણે કરેલ હતી તેની તેઓને ખબર નથી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી. બનાવ અંગે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ચોરીના બનાવની જાણ તેઓને બીજા દિવસે થયેલી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રૂા.૧,૧૪,૦૦૦–૦૦ તેઓએ તિજોરીમા જાતે જોયેલ નથી. સદર રકમની જાણ તેઓને તેમના સ્કુલના આચાર્ય દ્વારા થયેલી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓના નામ કે ઓળખાણ બાબતે તેઓને કઈ જાણ નથી.

**(૭.૧૦)** ફરીયાદ પક્ષે આંક–૨૯ થી સાહેદ ભગુસિંગભાઈ ચંપકલાલ

વસાવાને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ તેઓ તથા પી. એસ. આઇ. એમ. મહીડા તથા બીજા સ્ટાફના માણસો હે.કો. કમલેશભાઈ પ્રવિણભાઈ, હે.કો.નરેન્દ્રભાઈ દશરથભાઈ વગેરે સાથે સુરત શહેર વિસ્તારમાં ઘર ચોરીના ગુનાઓ બનતા હોય જેથી ઉપલી અધિકારીની સૂચનાથી સુરત શહેર વિસ્તારમાં વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢતા ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા-ફરતા કલાક-૨/૩૦ વાગ્યે પ્રાણનાથ હોસ્પિટલ પાસે આવતા સાથેના પી.એસ.આઇ. એમ.ડી. મહીડાનાઓને તેમના અંગત બાતમીદાર મારફતે બાતમી હકીકત મળેલ કે સુરત શહેર સહિત અન્ય જિલ્લાઓની શાળાઓમાં રાત્રી દરમ્યાન ચોરી કરનાર ઈસમો પલનીસ્વામી ઉર્ફે અન્ના તથા પરમસિવમ ઉર્ફે તંબીનાઓ લેપટોપ બેગમાં ઘરફોડ ચોરી કરવાના સાધનો રાખે છે અને ચોરી કરી મેળવેલ હાર્ડડિસ્ક વેચવા ફરી રહેલ છે. હાલ તેઓ સિંગણપોર, હરીદર્શનનો ખાડો, મહારાજ ચાની પાછળ બેસેલ છે. જેમાં પલનીસ્વામી ઉર્ફે અન્નાની લાંબી દાઢી છે તેણે કથ્થઈ કલરનો શર્ટ તથા મહેંદી કલરનું પેન્ટ પહેરેલ છે તથા પરમસિવમ ઉર્ફે તંબીએ શરીરે ગુલાબી કલરનો આખી બાયનો શર્ટ તથા લાલ કલરનો ચડ્ડો  પહેરેલ છે. વગેરે મતલબની બાતમી હકીકત મળતા નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચો તથા સાથેના પોલીસ માણસોની સદરહુ હકીકત થી માહિતગાર કરી મજકુર ઈસમોને ઝડપી પાડવાનો આયોજન કરી તાત્કાલિક ખાનગી વાહનમાં બેસી બાતમી હકીકત વાળી જગ્યાએ ઉપરોક્ત બંને ઈસમો બેઠા હતા અને તેઓને કોર્ડન કરીને પકડી લીધેલ. વધુમાં સાહેદ જણાવે છે કે, પંચો રૂબરૂ તેઓના નામઠામ પુછતા એક ઈસમે પોતાનું નામ પલનીસ્વામી ઉર્ફે અન્ના હોવાનું જણાવેલ અને પંચો રૂબરૂ તેની અંગ ઝડતી કરતા તેઓના પેન્ટના ખિસ્સામાંથી વિવો કંપનીનો v25 મોબાઈલ મળી આવેલ અને તેની પાસેની લેપટોપ બેગમાંથી બેગના મોટા ખાનામાંથી કાળા કલરની મંકી કેપ નંગ-૧ નેવી બ્લુ કલરની મંકી કેપ નંગ-૨, કાળા કલરની અને લાલ કલરની ગરમ ટોપી જેની લાલ કલરની બોર્ડર પર અંગ્રેજીમા POLO લખેલ હતુ. હાથના

મોજાની જોડ નંગ–૪, તેમજ ફેસ માસ્ક, સ્કાફ, ટોર્ચ, પ્લાસ્ટિકના ગ્રીપ વાળા પકડ, સ્કુ ડ્રાઈવર, અને બેન્ક ઓફ બરોડા શાહપોર બ્રાન્ચ સુરતની જોઈન્ટ એકાઉન્ટ પલનીસ્વામી અને સુંદરી પલનીસ્વામીની પાસબુક અને કોટક મહિન્દ્રા બેંકનુ એ.ટી.એમ. કાર્ડ અને WD કંપનીની USB હાર્ડડિસ્ક અને લેપટોપ બેગ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ અને બીજા ઈસમ પરમશીવમની અંગઝડતીમાંથી એક વિવો કંપનીનો V 21G મોડલનો મોબાઈલ મળી આવેલ. બંને ઈસમો પાસે આ મુદ્દામાલના બિલ કે માલિકી બાબતે આધાર પુરાવા માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી તમામ મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ–૧૦૨ મુજબ કબજે કરવામાં આવેલ અને આરોપીઓને સી.આર.પી.સી કલમ –૪૧(૧)(ડી) મુજબ અટક કરવામાં આવેલ અને આરોપીની પુછપરછ કરતા આરોપી પલનીસ્વામીએ સુરતની અલગ–અલગ સ્કુલોમા ચોરીઓ કરેલ જે બતાવતા વિગતવારનુ રી–કંન્સ્ટ્રકશન પંચનામુ કરવામાં આવેલ અને તેના ઘરે તપાસ કરતા ઘરેથી ચોરી કરી મેળવેલ રોકડા રૂા. ૭૦,૦૦૦/–, ચાંદીની લક્કી મળી આવેલ. બંને આરોપીઓએ મળીને રેડીએન્ટ સ્કુલમા, પેરામાઉન્ટ ઈન્ટરનેશનલ સ્કુલમા ચોરી કરેલાનુ કબૂલ કરેલ. બનાવ અંગે તેઓનો જવાબ લેવામા આવેલ. આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, હાલના કામના આરોપીઓના નામ બીજા ગુનામાં ખુલવા પામેલ એટલે તેઓએ આ કામે તેમને આરોપી તરીકે લીધેલા છે. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, સદર કામે પુરતા પુરાવા ન હોવા છતા સારી કામગીરી દર્શાવવા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

ઉપરોકત સાહેદો સિવાય ફરીયાદ પક્ષ તરફે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી.

(૮) પુરાવાના બોજા અંગે ભારતીય પુરાવા ધારા કલમ–૧૦૧ તથા ૧૦૩ માં જોગવાઈ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

"Indian Evidence Act-1872

Sec.101. Burden of proof. — Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

Illustrations

(a) A desires a Court to give judgment that B shall be punished for a crime which A says B has committed. A must prove that B has committed the crime.

(b) A desires a Court to give judgment that he is entitled to certain land in the possession of B, by reason of facts which he asserts, and which B denies, to be true. A must prove the existence of those facts.

Sec.103. Burden of proof as to particular fact. —The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

Illustrations

1[(a)] A prosecutes B for theft, and wishes the Court to believe that B admitted the theft to C. A must prove the admission.

(b) B wishes the Court to believe that, at the time in question, he was elsewhere. He must prove it.

(૯) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ કામે આંક–૬ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ નયનકુમાર મોહનભાઈ પટેલનો પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ તેમના પુરાવામાં પોલીસે લખેલ તૈયાર પંચનામામા તેઓની સહી લીધેલી તેમ સ્વીકારેલ છે. સદર કામે આંક–૮ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ધવલકુમાર મણીલાલ પટેલનો પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ તેમના પુરાવામાં પંચનામું કરવા કઈ તારીખે બોલાવેલ તે તારીખ તેઓને યાદ નથી તેમ સ્વીકારેલ છે. સદર કામે આંક–૧૧ થી તપાસવામાં આવેલ સાહેદ મનિષભાઈ ચંપકભાઈ પટેલનો પુરાવો,

આંક-૧૨ થી તપાસવામાં આવેલ સાહેદ નિતિનભાઈ ગોપાળભાઈ ભાટીયાનો પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ તેમના પુરાવામાં આ ચોરી કોણે કરેલ હતી તેની તેઓને ખબર નથી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી તેમ સ્વીકારેલ છે. સદર કામે આંક-૧૩ થી તપાસવામાં આવેલ સાહેદ છગનભાઈ કરસનભાઈ પટેલનો પુરાવો તથા આંક-૧૪ થી તપાસવામાં આવેલ સાહેદ હસમુખભાઈ હીરાભાઈ પટેલનો પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ તેમના પુરાવામાં આ ચોરી કોણે કરેલ હતી તેની તેઓને ખબર નથી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહી, બનાવ સમયે તેઓ સ્કુલ પર હાજર હતા નહી, આરોપીઓના નામ કે ઓળખાણ બાબતે તેઓને કઈ જાણ નથી તેમ સ્વીકારેલ છે. સદર કામે આંક-૧૫ થી તપાસવામાં આવેલ ફરીયાદી મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલનો પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ તેમના પુરાવામાં બનાવ સમયે તેઓ સ્કુલ પર હાજર હતા નહી, તેઓને બનાવની જાણ તેઓની સ્કુલના પટાવાળા કમ વોચમેન તરીકે કામ કરતા હિનાબેને કરેલી, આરોપીઓના નામ કે ઓળખાણ બાબતે તેઓને કોઈ જાણ નથી તેમ સ્વીકારેલ છે. સદર કામે આંક-૨૦ થી તપાસવામાં આવેલ સાહેદ મનિષાબેન નિતિનભાઈ ભાટીયાનો પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ તેમના પુરાવામાં બનાવ તેઓએ નજરે જોયેલ નથી, ચોરીના બનાવની જાણ તેઓને બીજા દિવસે થયેલી, રૂા.૧,૧૪,૦૦૦-૦૦ તેઓએ તિજોરીમા જાતે જોયેલ નથી, સદર રકમની જાણ તેઓને તેમના સ્કુલના આચાર્ય દ્વારા થયેલી, આરોપીઓના નામ કે ઓળખાણ બાબતે તેઓને કઈ જાણ નથી તેમ સ્વીકારેલ છે. સદર કામે આંક-૨૯ થી તપાસવામાં આવેલ સાહેદ ભગુસિંગભાઈ ચંપકલાલ વસાવાનો પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ તેમના પુરાવામાં તેઓએ તેમની ફરજના ભાગે રૂપે કરેલ કાર્યવાહીનો પુરાવો આપેલ છે પરંતુ તેઓના પુરાવાના આધારે આ કામના આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ આક્ષેપો સાબિત થતા નથી. આમ ઉપરોકત જણાવેલ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૦) ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધ નિઃશંકપણે કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદીપક્ષ ઉપર મુકવામાં આવેલ છે.

(૧૧) ભારતીય પુરાવા ધારા-૧૮૭૨ કલમ-૧૦૩/ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ ની કલમ-૧૦૬ ની જોગવાઈમાં જણાવેલ છે કે, જે કોઈ વ્યકિત ઈચ્છતી હોય કે ચોકકસ હકીકતનો અસ્તિત્વ હોવાનુ ન્યાયાલય માને તો તેવી વ્યકિત ઉપર તેવી ચોકકસ હકીકતની અસ્તિત્વ પુરવાર કરવાની સાબિતીનો બોજો રહેલ છે, સિવાય કે તે હકીકતની સાબિતીનો બોજો કોઈ ચોકકસ વ્યકિત ઉપર રહેશે તેવી કાયદાથી જોગવાઈ કરવામાં આવેલ છે. ભારતીય પુરાવા ધારા કલમ-૫૯/ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ-૫૪ મુજબ હકીકતોની સાબિતી મૌખિક પુરાવાથી જે આપવી જોઈએ તેવો મૌખિક પુરાવો ભારતીય પુરાવા ધારા કલમ-૬૦/ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ-૫૫ મુજબ પ્રત્યક્ષ મૌખિક પુરાવો હોવો જોઈએ તે જેણે પોતે તેવી હકીકત જોયેલ હોય, સાંભળેલ હોય કે ઈન્દ્રીય દ્રારા કે બીજી કોઈ રીતે જ્ઞાન થઈ શકતુ હોય તેવુ અનુભવેલ હોય. સદર કેસમાં આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ પક્ષે મુકેલા આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવામા ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. જયારે ફરિયાદ પક્ષે તપાસેલા સાહેદોની જુબાની અને ફરીયાદ વચ્ચે સુસંગતતા ન હોય, ત્યારે મુકેલ આક્ષેપો મુજબના ગુન્હાઓ આરોપીઓએ કર્યા અંગે શંકા ઉત્પન્ન કરે છે. આરોપીઓએ ગુન્હો કર્યા અંગે થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો સીધો લાભ આરોપીઓને મળવાપાત્ર છે. ક્રિમીનલ જસ્ટીસનો મુળભુત સિધ્ધાંત છે કે, ભલે સો આરોપીઓ છુટી જાય, પરંતુ એક નિર્દોષને સજા થવી ન જોઈએ. ક્રિમીનલ જયુરિસપ્રુડંસના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતા, જો રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવાજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો તે આરોપીઓને તકસીરવાન ઠરાવવા પુરતા નથી. આમ ફરિયાદ પક્ષે રજુ કરેલ આરોપીઓ વિરૂધ્ધના પુરાવાઓ પુરવાર થતા ન હોવાથી, આરોપીઓ વિરૂધ્ધ અપુરતો

પુરાવો મળી આવતા, સદર આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર છે અને જો આરોપીઓને શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી હોવાનુ જણાય આવે છે. જેથી આવા સંજોગોમા. મુદ્દા નંબર–૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નંબર–ર નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

૧.. આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–ર૪૮ (૧) અન્વયે ઇ.પી.કો.કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના આક્ષેપ/ચાર્જમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર.. આ કામના પ્રત્યેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(ક) અન્વયે અપીલના કામે હાજર રહેવા સંબંધે રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જાત જામીન અપીલ સમય સુધીના રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૯ મી, માહે–જુન, સને–ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૬/ર૦ર૬
સ્થળઃ ઓલપાડ.

(શ્રમતી નયનાબેન દિવાકર શર્મા)
પ્રિન્સી.સીની.સિવિલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ00555